NAVSARI AGRICULTURAL UNIVERSITY

# હિસાબ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

Azadi Ka Amrit Mahotsav G20

**ખાસ અગત્યનું**

**વંચાણમાં:** ગુજરાત સરકારશ્રી, નાણા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: પીએફઆર/ ૧૦૨૦૧૪/૬૦૭/ચ, તા.૨૦/૦૧/૨૦૨૪.

## ~ પરિપત્ર ~

**સામાન્ય ભવિષ્યનિધિ ખાતા(GPF)માં જમા કરાવવાની વાર્ષિક રકમની મર્યાદા નક્કી કરવા બાબત.**

આથી અત્રેની યુનિવર્સિટીના તમામ કચેરીના વડાશ્રીઓ, ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીશ્રીઓ ને જણાવવાનું કે, ગુજરાત સરકારશ્રી, નાણા વિભાગ, ગાંધીનગરના વંચાણે લીધેલ ઠરાવથી રાજ્ય સરકારશ્રીના સામાન્ય ભવિષ્યનિધિ ખાતા (GPF) ખાતાધારક કર્મચારીઓના કિસ્સામાં નાણાંકીય વર્ષ દરમ્યાન **GPF ખાતામાં મહતમ રૂપિયા ૫.૦૦/– લાખ** સીધીની રકમ જમા કરવાની મર્યાદા નિયત કરવામાં આવેલ છે. આ મર્યાદા નાણાંકીય **વર્ષ ૨૦૨૪–૨૫ થી લાગુ કરવાની રહેશે**. જેનો અત્રેની યુનિવર્સિટીમાં ચુસ્તપણે અમલ થાય તેની જવાબદારી સબંધિત કચેરીના ઉપાડ અને ચૂકવણાં અધિકારીશ્રીની રહેશે.

**સદરહું પરિપત્ર માન.કુલપતિશ્રીની અનુમતિ મેળવી પ્રસિદ્ધિ કરવામાં આવેલ છે.**

**બીડાણ :** વાંચણમાં લીધેલ ઠરાવ.

**હિસાબ નિયામક**

**જા.નં. નકૃયુ/હિનિ/વહટ/૪૧૮/૨૦૨૪**
**નવસારી, તા. ૨૪/૦૧/૨૦૨૪**

**નકલ સવિનય રવાના (e-પરિપત્ર દ્વારા):–**

(૧) આ યુનિવર્સિટીના તમામ કચેરીઓના વડાશ્રીઓ તરફ જાણ સારૂ.
(૨) આ યુનિવર્સિટીના તમામ કચેરીઓના નાણા ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીઓ તરફ ઉપર મુજબ અમલવારી થવા સારૂ.

**નકલ રવાના (e-પરિપત્ર દ્વારા):–**

(૧) આ યુનિવર્સિટીના વહિવટી-વ-હિસાબી અધિકારીશ્રી, તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.
(૨) આ યુનિવર્સિટીના તમામ કર્મચારીશ્રીઓ તરફ અમલ થવા સારૂ.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.

**સામાન્ય ભવિષ્યનિધિમાં જમા કરાવવાની વાર્ષિક રકમની મર્યાદા નક્કી કરવા બાબત.**

ગુજરાત સરકાર

નાણા વિભાગ

**ઠરાવ ક્રમાંક: પીએફઆર/૧૦૨૦૧૪/૬૦૭/ચ**

સચિવાલય, ગાંધીનગર.

તા:૧૦/૦૧/૨૦૨૪

**વંચાણે લીધા: (૧) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક:** પીએફઆર/૧૦૯૩/૫૩/ચ, તા.૨૯/૦૩/૧૯૯૩

**(૨) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક:** પીએફઆર/૧૦૨૦૧૪/૬૦૭/ચ, તા.૨૦/૦૯/૨૦૧૪

**(૩) ભારત સરકારના ઓફીસ મેમોરેન્ડમ** F.No.3/6/2021-P&PW(f) , તા:૧૧/૧૦/૨૦૨૨

અને F.No.3/13/2022-P&PW(f)(8353) તા:૦૨/૧૧/૨૦૨૨

**આમુખ:**

રાજય સરકારના કર્મચારીઓને સામાન્ય ભવિષ્ય નિધિમાં લઘુતમ કપાત બાબતે નાણા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક(૧) પરના તા.૨૯/૦૩/૧૯૯૩ના ઠરાવથી સરકારી કર્મચારીના મુળ પગારના ૧૦% રકમ ફરજીયાત સામાન્ય ભવિષ્ય નિધિમાં જમા કરાવાનું ઠરાવવામાં આવેલ. ત્યારબાદ વંચાણે લીધેલ ક્રમાંક(૨) નાણા વિભાગના તા:૨૦/૦૯/૨૦૧૪ના ઠરાવથી સરકારી કર્મચારીઓ તેઓના મળતરના ૫૦% રકમ સુધી સામાન્ય ભવિષ્ય નિધિમાં મહત્તમ કપાત કરાવવાનું ઠરાવવામાં આવેલ. રાજય સરકારના કર્મચારીઓના ભવિષ્યનિધિના ખાતામાં વાર્ષિક કેટલી મહતમ રકમ જમા કરાવી શકે તે માટે કોઈ મર્યાદા નિયત થયેલ નથી. આ બાબતે ભારત સરકારનાં વંચાણે લીધેલ તા:૧૧/૧૦/૨૦૨૨ અને તા:૦૨/૧૧/૨૦૨૨ના ઓફીસ મેમોરેન્ડમથી જી.પી.એફ. ખાતેદાર કર્મચારીઓના કિસ્સામાં નાણાકીય વર્ષ દરમ્યાન સરકારી કર્મચારી સામાન્ય ભવિષ્ય નિધિમાં મહતમ રકમ જમા કરાવવાની મર્યાદા નિયત કરવામાં આવેલ છે. જેથી આ બાબતે રાજય સરકાર દ્વારા પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ:**

રાજય સરકારના જી.પી.એફ. ખાતેદાર કર્મચારીઓના કિસ્સામાં નાણાકીય વર્ષ દરમ્યાન સામાન્ય ભવિષ્યનિધિ ખાતામાં મહતમ **રૂ.૫.૦૦/-** લાખ સુધીની રકમ જમા કરાવવાની મર્યાદા

નિયત કરવામાં આવે છે. આ મર્યાદા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫થી લાગુ કરવાની રહેશે અને તેનો ચુસ્તપણે અમલ થાય તેની જવાબદારી સંબંધિત ઉપાડ અને વહેચણી અધિકારીશ્રીની રહેશે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(આઈ.ડી.ચૌધરી)
**નાયબ સચિવ**
**નાણા વિભાગ**

**<u>નકલ રવાના:</u>**

- માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો
  (ખાતાના વડાઓ/કચેરીના વડાઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- નિયામક પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, અમદાવાદ/રાજકોટ
- હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર
- નિરીક્ષકશ્રી, સ્થાનિક હિસાબ ભંડોળ, હિસાબની કચેરી, ગાંધીનગર
- સિસ્ટમ મેનેજર, નાણા વિભાગ તરફ વિભાગની વેબસાઈટ ઉપર અપલોડ કરવા સારુ.
- શાખા સિલેક્ટ ફાઈલ
  (પત્ર દ્વારા રવાના)